R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )
કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 24 DATE: 14-06-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## નાઇજીરીયમાં બોકો હરામ દ્વારા અપહરણ કરાયેલ મિશનરીઓને મુક્ત કરાયા

નાઈજીરીયાના આતંકવાદી સંગઠન બોકો હરામ દ્વારા અપહરણ કરાયેલ ત્રણ મિશનરીઓને ત્રણ મહીના સુધી બંધક તરીકે રાખ્યા બાદ મુક્ત કર્યા હતા.જેમા બે પાદરી હતા અને એક નન હતા.તેઓ નાઈજીરીયાની બોર્ડર પર લઈ જવાયા હતા અને કેમરુન કેપીટલ ખાતે વાહન દ્વારા મોકલી અપાયા હતા.ઈટાલીયન પ્રીસ્ટ જીનાનટોનીઓ અલીગ્રી અને જીમપાઓલો મરતા અને કેનેડીયન નન ગીલબર્ટી બુસીરા, છેલ્લા કેટલાક વર્ષોથી આ વિસ્તારમાં પોતાની સેવાઓ આપે છે.તેઓ ઘણાજ નમ્ર સ્વભાવના છે.તેઓ અહીની વસતીને ચાહે છે તેમજ અહીના લોકો તેમને ચાહે છે.તેઓ બાળકોને ભણવામાં મદદ કરે છે.તેઓ શિક્ષકો પણ તૈયાર કરે છે.એપ્રીલ મહિનામાં તેમના નિવાસસ્થાનેથી બોકોહરામના આતેકીઓ તેમને ઉઠાવી ગયા હતા.ન્યુયોર્ક ટાઈમ્સે જણાવ્યું હતું કે આજ પ્રકારના યુરોપીયન લોકોના અપહરણ કેસમાં બંધકોને નાણા ચુકવ્યા બાદ છોડવામાં આવ્યા હતા.પરંતુ એ જાહેર કરવામાં આવ્યું નહોતું કે કઈ રીતે આ મિશનરીઓને છોડવામાં આવ્યા છે.ચાર જેટલા અપહરણો છેલ્લા ૧૮ મહિનામાં આ વિસ્તારમાં બન્યા છે. કેમરુનીયન કોમ્યુનીકેશન મીનીસ્ટર ઈસા ટીહીરોમા બોકરીએ આ ત્રણ મિશનરીઓની મુક્તિને સમર્થન આપ્યું હતુ.વેટિકન સ્પોક્સમેન રેવ ફેડરીકો લોમ્બાર્ડીએ આ મુક્તિ માટે આનંદ પ્રગટ કર્યો હતો.

હોલી ફાધર,સમગ્ર ઘટનાની વાતને જાણતા,તેણે ઈશ્વરનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે સફળતાપુર્વક આ બાબતનો અંત આવ્યો છે તે સારી બાબત છે.તેવું તેમણે જણાવ્યું હતુ.લોમ્બાર્ડે જણાવ્યું હતું કે હજુ પણ આફ્રિકામાં બનતી હિંસક ઘટનાઓ તેમજ સતાવણીનો અંત આવે તે જોવું જરુરી છે.અમો પ્રાર્થના કરીએ છે કે હિંસા, ધુત્કાર અને સંઘર્ષનો અંત આવે તેવું કરવામાં આવે .ઘણા બધા નિર્દોષ લોકો ભોગ બની રહ્યા છે તેમના હક્કમાં શાંતિ અને સારુ જીવન મળે.આ ઉપરાતં એમણે લખ્યુ હતું કે બોકો હરામ ૨૭૦ ચીબોકની સ્કુલની કન્યાઓના અપહરણમાં સંડોવાયેલ છે તેમને છોડવામાં આવે.ગત સપ્તાહે નાઈજીરીયન સરકારે જાહેર કર્યુ હતું કે તેઓ જાણે છે કે આ અપહરણ કરાયેલ કન્યાઓને ક્યાં રાખવામાં આવી છે.પરંતુ તેઓએ એ જાહેર કર્યુ નથી કે તેમનો કઈ રીતો પાછી લાવવામાં આવશે.હજુ સુધી આ અંગેનો તેમની યોજના જાહેર થઈ નથી.

## સંસદની પ્રથમ બેઠકમાં રાષ્ટ્રપતિએ મોદી સરકારનું સપનું રજુ કર્યું

રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ કેન્દ્રમાં રચાયેલ નરેન્દ્ર મોદીની સરકારનું વિઝન સંસદની પ્રથમ બેઠકમાં રજુ કર્યુ હતું.તેમના જણાવ્યા પ્રમાણે નવી સરકાર એક ભારત, શ્રેષ્ઠ ભારતનું સપનું સાકાર કરશે.જેમાં ભ્રષ્ટાચાર નાબુદી,તેમજ સબકા સાથ અને સબકા વિકાસને પ્રાધાન્ય અપાશે.આઝાદીના ૭૫ વર્ષ પુરા થયા બાદ ૨૦૨૨માં દેશના પ્રત્યેક નાગરિકને પોતાનું પાકુ ઘર હશે તેવું જણાવ્યું હતું.મોદી સરકારની રાજકીય,આર્થિક અને વિદેશનીતી સહિત ભાવિ કાર્યક્રમોની રુપરેખા રાષ્ટ્રપતિએ રજુ કરી હતી.ગરીબી નાબુદી,મોંઘવારી પર કાબુ,મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ,દેશનું આર્થિક પુનરુત્થાન વગેરે સરકારના એજન્ડા ટોચ પર રહેશે તેમ જણાવ્યુ હતું.



ફાઈવ ટી, એટલે કે ટ્રેડીશન,ટેલોન્ટ,ટુરીઝમ અને ટેકનોલોજી, ૩ ડી એટલે ડેમોક્રેસી,ડેમોગ્રાફી અને ડીમાન્ડ નો સમાવેશ થાય છે. ૩ એસ માં સ્કીલ,સ્પીડ અને સ્કેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બંધારણીય પરંપરા મુજબ પ્રથમ સત્રમાં રાષ્ટ્પતિ નવી ચુંટાયેલ સરકારના ભાવિ કાર્યક્રમને દર્શાવતું અભિભાષણ કરે છે.જેમા તેઓએ મારી સરકાર એમ ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રપતિના પદ પર આરુઢ થયા બાદ તેમના માટે કોઈપણ સરકાર તેમની બની જાય છે. તે પક્ષથી પર બની જાય છે.તેથી તેઓ સરકારની નીતિઓ અને સરકારના સપનાઓનો બચાવ કે તેના માટેની રુપરેખા આપતી વખતે મારી સરકારનો ઉલ્લેખ કરે છે.આપણે આશા રાખીએ કે આપણા સારા દિવસો આવે અને નવી સરકારના સપના પુરા થાય

## નર્મદા ડેમની ઊંચાઇને મોદી સરકારની મંજુરી

ગુજરાતની છ કરોડની પ્રજા માટે દિલ્હીમાં કેન્દ્ર સરકારમાં પરિવર્તન સાથે નર્મદા બંધની ઉંચાઈને મંજુરી મળી ગઈ છે.સત્તા પર બેઠાના ૧૯ દિવસો બાદ ગુજરાતની જીવાદોરી સમી ગણાતી નર્મદા યોજનાના ડેમની ઉંચાઈ વધારવાનો નિર્ણય કરીને મોદી સરકારે મંજુરીની મહોર મારી છે.નર્મદા કંન્ટ્રોલ ઓથોરીટીએ ડેમ ઉપર ૧૭ મીટર ઊંચા દરવાજા એ તેના માટેનું સ્ટ્રકચર ઊભુ કરવાની મંજુરી આપી ન હતી.પરંતુ એનસીએની મળેલ બેઠકમાં ડેમની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની મંજુરી આપી દીધી છે.એનસીએની મંજુરી મળતાંજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ કેવડીયા કોલોની પહોચી ગયા હતા.અને ૧૭ મીટર ઉંચા ગેટ મુકવા માટે જરુરી સ્ટ્રકચરના કામનો પ્રારંભ કરાવ્યો હતો.

નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ નર્મદા ડેમની ઉંચાઈ વધારવા મંજુરી આપી છે. આટલા બધા સમયથી આ યોજનાને કોઈને કોઈ કારણોસર રોકી રાખવામાં આવી હતી.રાજકીય કારણોસર વિલંબ થયો હોવાનુ મનાય છે.કેન્દ્રમાં સત્તાસ્થાને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે બિરાજ્યા હોવાથી તેમણે આ મુદ્દાને સૌથી વધુ અગત્યતા આપી છે.ગત સપ્તાહે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે નર્મદા ડેમની ઉંચાઈ વધારવા માટે રજુઆત કરી હતી.હવે ગુજરાતમાં નર્મદા યોજનાને સાકાર કરવા અને ખેડુતોને સૌથી વધુ લાભ મળી શકે માટે નહેરો બનાવવાના કાર્યને વધુ વેગવતું બનાવવું પડશે.

## વડાપ્રધાનના જનસંપર્ક અધિકારી તરીકે જગદીશચંદ્ર ઠક્કરની નિમણુંક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળમાં મીડીયા અને સરકાર વચ્ચે સંપર્ક સેતુ તરીકે સંપુર્ણ વિશ્વસનીય કામગીરી કરનાર જગદીશચંદ્ર ઠક્કરને તેમના જનસંપર્ક અધિકારી તરીકે નિમણુંક આપી છે.તેઓશ્રી મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા હતા.તેઓ ૨૦૦૪માં માહિતી વિભાગમાં અધિક નિયામકપદ સુધી પ્રમોશન મેળવીને નિવૃત્ત થયા બાદ પણ મોદીએ તેમની સેવાઓ યથાવત રાખી હતી.

ભાવનગરના મુળ વતની અને ૧૯૬૬-૬૭માં માહિતી વિભાગમાં જોડાનાર મુળ પત્રકાર હોવાને નાતે તેઓને સમાચાર બાબતે ખુબજ રસ હતો.મુખ્યમંત્રીના કાર્યાલયમાં તેમની નિમણુંક થઈ ત્યારથી તેઓ મુખ્યમંત્રીના જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત હતા.૧૯૮૬ થી ૨૦૦૧ સુધીમાં જેટલા મુખ્યમંત્રીઓ આવ્યા તેમના તેઓ જનસંપર્ક અધિકારી તરીકે રહ્યા હતા.૨૦૦૧ બાદ નરેન્દ્ર મોદીએ શાસન સંભાળ્યુ ત્યારે બાદ તેઓ તેમના પણ જનસંપર્ક અધિકારી તરીકે યથાવત રહ્યા હતા.એક ગુજરાતી તરીકે તેઓ વડાપ્રધાનના પીઆરઓ બન્યા છે તે ગુજરાતીઓ માટે અને માહિતી ખાતે માટે ગૌરવ સમી બાબત છે.

તેઓએ જે મુખ્યમંત્રીશ્રીઓ સાથે કાર્ય કર્યુ છે તેમાં શ્રી માધવસિંહ સોલંકી (૧૯૮૫૮૬),શ્રી અમરસિંહ સોલંકી (૧૯૮૬-૮૮),શ્રી માધવસિંહ સોલંકી (૧૯૮૯-૯૦),શ્રી ચિમનભાઈ પટેલ(૧૯૯૦-૯૩),શ્રી છબીલદાસ મહેતા (૧૯૯૩-૯૫),શ્રી કેશુભાઈ પટેલ(૧૯૯૫)શ્રી સુરેશ મહેતા(૧૯૯૫-૯૬) શ્રી શંકરસિંહ વાઘેલા(૧૯૯૬-૯૭),શ્રી દિલિપ પરીખ(૧૯૯૭-૯૮),શ્રી કેશુભાઈ પટેલ (૧૯૯૮-૨૦૦૧),શ્રી નરેન્દ્ર મોદી(૨૦૦૧-૨૦૧૪)

## ફુટબોલ વર્લ્ડકપ સમગ્ર વિશ્વ ૨૦મા ફુટબોલ કપ ઉદઘાટનમાં જોડાયુ

રમતના ચાહકો જે દિવસની રાહ જોતા હતા તે ફિફા ફુટબોલ વિશ્વકપનો પ્રારંભ બ્રાઝિલના સાઉ પાઉલો ખાતે થયો હતો.સ્ટેડીયમમાં ઉપસ્થિત ૬૦ હજાર જેટલા ચાહકોએ રંગારંગ કાર્યક્રમને નિહાળ્યો હતો.બ્રાઝિલની આર્થિક રાજધાની ગણાતાં શહેર સાઉ પાઉલો ખાતે વિશ્વ વર્લ્ડ ફુટબોલ કપના આયોજનથી જશ્નનો માહોલ જોવા મળ્યો હતો.વિશ્વના અંદાજીત એક અબજ લોકોએ આ રંગારંગનો કાર્યક્રમને ટીવી પર નિહાળ્યો હતો.

ફિફા વર્લ્ડ કપ માટે તૈયાર કરવામાં આવેલું ગીત વી આર વન ઓલે ઓલા સોંગ પર અમેરિકન સિંગર પીટબુલ,જેનિફર લોપેજ,અને બ્રાઝિલની સિંગર કલાઉડીયા લિટ્ટેને પર્ફોમન્સ આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિફા વર્લ્ડ કપ ૨૦૧૪ના આરંભે તેની યાદગાર પોસ્ટેજ સ્ટેમ્પનુ અનાવરણ કર્યું હતું.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતુ કે ખેલકુદ વિશ્વના દેશો વચ્ચે મિત્રાચારી અને સૌહાર્દના સબંધો વિકસાવે છે. આ વર્લ્ડ કપ વિશ્વના દેશો વચ્ચે સેતુનું કામ કરશે. વેબસાઈટ પર તેની માહીતી મળશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

નર્મદા બંધની ઉંચાઇ ૧૧૦ મીટરની થઇ ત્યારે બંધમાંથી જે પાણીનો પ્રવાહ વહે છે તેમાં કોઇ ફર્ક હવે બંધની ઉંચાઇ વધવાથી પડવાનો નથી.પીવાના પાણીમાં કે ખેતીના પાણીમાં કોઇ ફરક પડવાનો નથી.સરદાર સરોવર ડેમની ઉપર ૧૭ મીટરના ૩૦ દરવાજા લાગશે તેનાથી માત્ર ડેમના પાવર સ્ટેશનમાંથી વધુ વિજળી પેદા થશે તેમાંથી કુલ ઉત્પન થનાર વીજળીમાં ગુજરાતનો હિસ્સો માત્ર ૧૬ ટકા જ છે.બાકી વિજળીનો ૫૭ ટકા મધ્યપ્રદેશ અને ૨૭ ટકા મહારાષ્ટ્રને ફાળે જશે.હા ગુજરાત માત્ર આ અંગે પોતે જશ લઇ શકશે કે તેમણે દરવાજા લગાડવાની જાહેરાત કરી હતી.સમગ્ર યોજના માટે નિર્ધારીત પુનઃવસનની કામગીરી પુરી થયા પછી જ આ દરવાજાનો લાભ મળી શકશે.દરવાજા બંધ કરવાની છુટ નહી મળે ત્યા સુધી દરવાજાઓ ખુલ્લા રહેશે.નર્મદા યોજના પુરી કરવી એ જરુરી છે. દેશની આ મોટામાં મોટી યોજના છે.સમયસર આ યોજના પુરી થઇ હોત તો ગુજરાતનો ખુબજ મોટો ફાયદો મળી શક્યો હોત.

નર્મદા યોજના દ્વારા છેક રાજસ્થાનના બાડમેર સુધી પાણી પહોચશે.કચ્છ અને સુરેન્દ્રનગરના નાના રણ સુધી પાણી જશે.યોજના મુજબ કેનાલો દ્વારા આ વિસ્તારોમાં પાણી પહોચાડી શકાય તો ખેતીવાડીનો લાભ મળી શકે તેમ છે.જંગલો ઉગાડી શકાય અને પર્યાવરણને થયેલ નુકશાનને ભરપાઇ કરવામાં મદદ મળી શકે તેમ છે.ગુજરાતમાં પાણીના સ્તરો ઉંચા લાવી શકાય તેમ છે.

## એડીશનલ સોલીસીટર જનરલ તરીકે તૃષાર મહેતાની નિમણુંક

ગુજરાત હાઇકોર્ટ ખાતે એડીશનલ એડવોકેટ જનરલ તરીકે ફરજ બજાવતા તૃષાર મહેતાની કેન્દ્ર સરકારમાં એડીશન સોલીસીટર જનરલ(એએસજી)તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમણે નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.તેઓ નવી દિલ્હી ખાતે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર વતી હાજર રહેશે.

શ્રી મહેતા હાઇકોર્ટના સિનિયર એડવોકેટ છે. અને ૨૦૦૮માં તેઓની એડીશનલ એડવોકેટ જનરલ તરીકે નિમણુંક કરવામાં આવી હતી.ત્યારબાદ તેઓ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટમાં રાજ્ય સરકાર વતી હાજર રહેતા હતા.રાજ્યના પોલીસ અધિકારીઓ વિરુધ્ધ એન્કાઉન્ટર કેસો, લોકાયુક્તની નિમણુંક સહિતના કેસોમાં તેઓ હાજર રહ્યા હતા.કેન્દ્ર સરકારમાં વધુ એક ગુજરાતી વ્યક્તિની નિમણુંક થતાં ગુજરતીઓ ગૌરવ અનુભવે છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨


# ટ્રાફિક પોલિસ પાસે સમાજની અપેક્ષાઓ

પોલીસ સેન્ટર કરાઇ,ગાંધીનગર ખાતે ૨૫૦ જેટલા પી.એસ.આઇ.ને ટ્રાફિક પોલીસ અને સમાજની એકબીજાની અપેક્ષા પર સંબોધન કરવા જવાનું થયું.તેના એક ભાગરુપે ટ્રાફિક પોલીસ પાસે સમાજ શું અપેક્ષા રાખે છે તેની વાત આજે કરીશું. મારુ લેકચર જે તે દિવસે ક્રમની રીતે છેલ્લું હતું.તાલીમાર્થીમાં અડધી સંખ્યા બહેનોની હતી. તે જોઇને અત્યંત આનંદ થયો.પણ એક વાતનું દુઃખ થયું કે આ નવયુવાનો જેની તાલીમ લઇ રહ્યા છે તેમાં તેમની ૧૦૦ટકા ભાગીદારી છે ? તેવું મને ના લાગ્યું.હા, આયોજનકર્તાની ૧૦૦ ટકા નહી ૨૦૦ટકા ભાગીદારી દેખાઇ પણ જે યુવાનો આવતીકાલે સમાજમાં જઇને પોલીસની ભુમિકા ભજવવાના છે તેમનામાં તાલીમ માટેની નિષ્ઠા જોઇએતેટલી ન દેખાઇ. સાંજના ચાર વાગે એ.સી.હોલમાં પણ તેઓ થાકેલા હોય તેમ લાગતું હતું.ત્યારે પ્રશ્ન થયો કે આ મિત્રો જ્યારેસમાજમાં જઇને ફરજ બજાવશે ત્યારે શું કરશે ? મનોમન થોડું દુઃખ થયું કે, આ મિત્રો શા માટે પોલીસ બનવા માંગે છે. નોકરી મેળવવા ? લાંચ લઇને ખુબ જ પૈસા કમાવવા ? સમાજમાં કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવા ? નાગરિકોને કાયદાનું રક્ષણ આપવા કે સારા અધિકારી બની નિષ્ઠાપુર્વક ફરજ બજાવીને પોતાનું, પોતાના કુટુંબનું અને રાજ્યનું નામ રોશન કરવા ? જેનો ચિતાર હું મેળવી ન શક્યો. અને હું જે ઇમેજ આ ભવિષ્યના પી.એસ.આઇ. પાસેથી લઇને આવ્યો તેનાથી દુઃખી થયો છું. હા... ભાઇઓ કરતાં બહેનો વધારે ચિંતાયુક્ત, સિન્સિયર લાગી, હા, કેટલાક ભાઇઓ જાણવા માટે ઉત્સુક જણાયા.

આ લેકચર આપવા ગયો તે પુર્વે અમદાવાદની એક કોલેજના વીસેક વિદ્યાર્થીઓને હું મળ્યો, પ્રશ્ન કર્યો કે તમે આજના ટ્રાફિક પોલીસ પાસેથી શું અપેક્ષા રાખો છો ? કારણ એજ હતું કે આજના યુવાનો એજ ભારતનું ભવિષ્ય છે, તેમ માનીને તેમની અપેક્ષા જાણવાનો પ્રયત્ન કરેલો.ઉંમરમાં મોટા લોકો પોતાની ફીલોસોફી અને માન્યતા કે અનુભવને આધારે પોતાના વિચારોમાં પરિવર્તન નહીં લાવી શકે. માટે જ મે વિદ્યાર્થીઓને પસંદ કરેલા. તેમની ટ્રાફિક પોલીસ પાસેની અપેક્ષા અને સુચનો ટુંકમાં મુદ્દા લખીને જણાવું છું જેની પર સરકાર અને ટ્રાફિકના અધિકારીઓ ખાસ વિચારવા જેવું છે.

પોલીસ કાયદાનું પાલન કરે અને કરાવે. દા.ત.કાર પર રંગીન ફિલ્મ સ્ટ્રીપ(પોલીસની કાર, સરકારી વાહનો,બીઆરટીએસ, જજશ્રીની કાર પર રંગીન સ્ટ્રીપ હોય છે)હેલ્મેટ યુનિફોર્મ ફોન પર વાત કરવી, વગેરેનું પાલન કાયદા ઘડનારે કે તેનું પાલન કરાવનાર નથી કરતાં, માત્ર નાગરિકોને ટાર્ગેટ બનાવાય છે.આવું કેમ ? પૈસા મેમો આપતા નથી. નાની બાબતમાં વધુ સમય રોકી રાખે,સમયનો બગાડ, પોલીસના સંતાનો નિયમનું પાલન કરતાં નથી,ટ્રાફિક પોલીસ ચાર રસ્તા પર ચોક્કસ જગ્યાએ ઊભી રહેતી નથી.ગરીબ અને મધ્યમવર્ગના લોકોને વધુ હેરાન કરે છે. ખેડુતો માલ વેચવા શહેરમાં આવે ત્યારે ટ્રાફિક પોલીસ, શાકભાજી,ફળો પણ લઇ લે છે.પોલીસ રોફ જમાવે છે, આજના યુવાનોમાં પોલીસ માટેની આ ગ્રંથિ ભવિષ્યમાં મોટો ખતરો ઊભો કરે છે.

આજના યુવનો એ ફરિયાદ કે અપેક્ષાની સાથે સુચનો પણ કર્યા છે.જેમકે, દરેક ચાર રસ્તા પર હેલ્પલાઇન નંબર, દરેક ચાર રસ્તા પર અને હાઇવે પર સીસીટીવી કેમેરા(પ્રાઇવેટ કંપનીને સોપો) રસ્તાઓ પર સ્પીડ લીમીટ નક્કી કરો, અને તેના બોર્ડ લગાવો. પોલીસે અભદ્ર વર્તન ન કરવું, ગુસ્સો ન કરવો, સ્કવોડ વધારો, અન્ય બાબત કરતાં ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેને પ્રાધાન્ય આપવું. વિદ્યાર્થીઓ સાથે યોગ્ય વર્તન કરવું અને સમજાવવા લોકોને નિયમોની જાણ કરવી,બોર્ડ મારવા, લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત,વધારે સ્પીડ અનો હોર્નનો દંડ કરો.ક્યારે સમય અને સંજોગોને ધ્યાનમાં લેવા (હોસ્પીટલ,સ્કુલ નોકરી)

આમ આદમી પણ પોલીસ પાસે કેટલીક અપેક્ષાઓ રાખે છે. અને સુચનો પણ કરે છે.પોલીસે પોતાની છાપ સારી પાડવી(વર્તન વ્યવહારથી) વિંનતી કે સારા શબ્દોમાં વાત કરવી.(પરદેશમાં પોલીસ વાહનચાલકને સર(સાહેબ)કહીને વાત કરે છે.મુંબઇ કે દિલ્હીમાં ટ્રાફિક સેન્સ જેટલો છે એટલો ગુજરાતમાં કેમ નહી ? કાયદાનું પાલન કડકપણે કરવું અને કરાવવું. સરકારે પુરતો સ્ટાફ આપવો,રસ્તાઓ પર પાર્કિંગ ઝોન ઊભા કરવા.

ચાર રસ્તા પર છેલ્લે આવીને પણ સૌથી આગળ જઇને વાહન ઉભુ રાખવું,રોંગ સાઇડમાં આવવું,ખુબ ઝડપે વાહન દોડવવું,હોર્ન સતત મારવો વગેરે હરકત કરનારે પકડીને દંડ કરવો.ગામડામાં લાયસંસ વગર વાહનો ચલાવવા છકડો કે જીપમામાં વધારે પેસેન્જરો જેવા ધાતરી બાબતો તાત્કાલિક બંધ કરાવવી.પોલીસના પોતાના ખાનગી વાહનો પર ઓળખ ઉભી કરતું લખાણ લખનાર પોલીસને તાત્કાલિક શિક્ષા કરવી.પોલીસે ચાર રસ્તા પર યોગ્ય જગ્યાએ ઉભા રહેવું.વર્તન, વ્યવહાર સાદો સીધો રોફ નહીં જમાવવો. ગુસ્સે નહી થવું.વાતચીતમાં યોગ્ય શબ્દો ફરજ દરમિયાન પ્રાયોરીટી નક્કી કરો.વિદ્યાર્થી,યુવાનો,બહેનો સાથે એવું વર્તન કે વાતચીત કરો કે જેથ તેઓમાં સુધારો આવે. બાળકો કે યુવાનોની હાજરીમાં તેના વાલી સાથે અજુગતું વર્તન ન કરો. જાહેર સ્થળોએ સ્કુલ,લગ્ન હોલ, વગેરે જગ્યાએ ચોક્કસ સમયે પોલીસની હાજરી રાખો, ગરીબ હોય કે પૈસાદાર, અભણ હોય કે ભણેલા તેમને સમજાવવાની રીત જુદી હોઇ શકે પણ વર્તન વ્યવહાર યોગ્ય રાખો.કાયદાનો ભંગ કરીને નાસી જાય તેમને ખાસ પકડવાની વ્યવસ્થા કરવી અને વિશિષ્ટ પ્રકારની શિક્ષા કરવી, લોકોને ઝડપી, સુરક્ષિત,સરળતાથી અવરજવર થાય તે માટે હંમેશા ધ્યાન રાખવું.

ડો. અશોક પટેલ
(સૌ.સંદેશ)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# નોર્થ કોરીયાએ ખ્રિસ્તી મિશનરીઓને માનવ તસ્કરી અનેઆતંકવાદમાં સમાવ્યા



નોર્થ કોરીયામાં કીમ દ્રીતીય સુંગના જાયન્ટ પુતળા સામે મનસુ હીલ,પ્યોન્ગયંગ ખાતે લોકો ઉભા રહેલા ફોટામાં દેખાય છે અને દેશના નેતાને અંજલિ આપી રહ્યા છે.નોર્થ કોરીયાની સરકારે જાહેરમાં ખ્રિસ્તી મિશનરીઓની ઉપર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેઓ હ્યુમન રાઇટ્સના પ્રશ્ને દેશના આંતરિક મામલે દખલ કરે છે પરંતુ તેઓ માનવ તસ્કરી અને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે.રેવ એરીક ફોલી,સિયોલ, યુએસએ, યુકે ઓરન એનજીઓ દ્વારા કે જેઓ નોર્થ કોરીયા અને સમગ્ર એશીયામાં તેમની કામગીરી કરે છે તેમણે આ બાબતો જણાવી હતી.

ફોલીએ તેમની આ કોમેન્ટ સોસી પ્યોંગ,નોર્થ કોરીયન એમ્બેસેડેરે કાઉન્સીલ ઇન જીનીવામાં ડીબેટ દરમિયાન આપેલ વ્યક્તવ્ય ઉપર આપી હતી.નોર્થનઇસ્ટર્ન ચાઇના વિસ્તાર જેમાં કહેવાતા ચર્ચો આવેલા છે અને ત્યાં કાર્ય કરતા પાદરીઓ ડીપીઆરકે વિરુધ્ધ કાર્યવાહી કરે છે.કે ચળવળ ચલાવે છે.તેઓ ગેરકાયદેસર રીતે સરહદ પાર કરે છે કરાવે છે.તેમજ ડીપીઆરકેની વિચારધારાની વિરુધ્ધ તેઓ પ્રચાર કરે છે.તેઓ તેમના ત્યા તૈયાર કરેલા લોકોને સરહદ પાર કરાવીને ડીપીઆરકેમાં ખાસ મકસદથી મોકલી આપે છે.તેઓ અહીયા આવીને માનવ તસ્કરી અને આતંકવાદી પ્રવૃતીઓ પણ કરે છે.આ વ્યક્તવ્ય કીમ જોંગે યુએન ગર્વ.ને આપેલ ઓફીસીયલ રીપોર્ટના બેકરુપે હતો.જેમાં કહેવાયું હતું કે યુ.એસ.આ જગતનું જીવતું જાગતું નર્ક છે.અહીયા તમામ પ્રકારના અધિકારોનું ઉલ્લંઘન અને છિનવાઇ જવાનું કૃત્ય થાય છે.નોર્થ કોરીયા લઘુમતી અને ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં વિશ્વભરના દેશોમાં વોચ ડોગે પ્રથમ નંબરે મુક્યા છે.



# અખિલ ભારતીય પત્રકાર મહાસભાએ જાણીતા પત્રકારોનું સન્માન કર્યું

અખિલ ભારતીય પત્રકાર મહાસભાએ તા.૭મી જુનના રોજ યોજાયેલ એક ભવ્ય સમારોહમાં ગુજરાતના જાણીતા પત્રકાર મહાનુભાવોનું બહુમાન કર્યું હતું. તેઓને શાલ ઓઢાડી તેમજ મોમેન્ટો અર્પણ કરીને રબારી કોલોની ખાતે યોજાયેલ સમારોહમાં બહુમાન કર્યું હતું.આ પ્રસંગે નવક્રાન્તિ સાપ્તાહિકના તંત્રીશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ નવક્રાન્તિ સાથે કારકીર્દીની શરુઆત કરનાર ફોટો જર્નાલીસ્ટ શ્રી રાજુભાઇનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.અન્ય પત્રકાર મિત્રોનું સન્માન કર્યું તે પ્રસંગે દક્ષ પ્રજાપતિ સમાજ દ્વારા અન્ય સામાજિક મહાનુભાવોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના ધારાસભ્યશ્રી જગરુપસિંહ રાજપુત,ભુતપુર્વ કોગ્રીસી ધારાસભ્ય ,મંત્રી અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલ શ્રી સુરેન્દ્ર રાજપુત,શ્રી ગોરધનભાઇ ઝડપીયા, અમદાવાદના ઉપમેયરશ્રી, માલધારી સમાજના પ્રમુખ તેમજઅન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.શ્રી જ્ઞાનેન્દ્ર વિશ્વકર્મા, અખિલ ભારતીય મહાસભાના અધ્યક્ષ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સહુ મહેમાનો અને અતિથીઓને માટે ભોજન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જેમનુ બહુમાન કરાયું તેવા જ્યોતિષ મુકેશકુમારે એક આગાહી કરી હતી કે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર દેશમાં ત્રણ ટર્મ પુરી કરશે.પ્રજાપતિ સમાજમાં તેમના કાર્યની પ્રશંસા રુપે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું..હાલમાં દેશમાં પ્રવર્તતી સમસ્યાઓમાં વડાપ્રધાન યોગ્ય દોરવણી આપીને તેમનામાં મુકેલ વિશ્વાસ પુરો કરે તો દેશની પ્રજાને એનાથી વધારે શું જોઇએ. આ સમારોહમાં તાજેતરમાં નરેન્દ્રભાઇ મોદીમાં આસ્થા રાખીને ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થનારા નેતાઓ હાજર રહ્યા હતા. તેમજ શ્રી મોદીના નેતૃત્વમાં દેશ સારી પ્રગતિ કરી શકશે તેવું તેઓના પ્રાસંગિક પ્રવચનોમાં જણાવ્યું હતું.જો કે આ પ્રસંગે સુંદરકાંડનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ



# વિદેશમાંથી કાળુ ધન પાછુ લાવવા સીટ સમર્થ બનશે ?

નવી ચુંટાયેલ સરકારે વિદેશમાંથી ભારતીયોનું અબજોનું કાળુ નાણું દેશની અંદર પાછુ લાવવા માટે સ્પેશીયલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરી છે. સીટના પ્રમુખપદે નિવૃત્ત ન્યાયમુર્તિ એમ.બી. શાહ,સુપ્રીમ કોર્ટના પુર્વ જજ અરિજિત પસાયત અને સીબીઆઇ, ઇન્ટેલીજન્સ બ્યુરો,એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટ,સેન્ટ્રલ બોર્ડ ઓફ ડીરેક્ટ ટેક્ષીસ, અને રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના ડેપ્યુટી ગર્વનર જેવા ઉચ્ચ હોદેદારોની નિમણુંક કરવામાં આવી છે.

કોઇ પણ દેશમાંથી કાળુ નાણું પાછુ લાવવા માટે વિદેશની સરકાર સાથે માહિતીનું પારદર્શક આદાન પ્રદાન અત્યંત આવશ્યક છે.દેશનું મોટા ભાગનું કાળુ નાણું સ્વીઝલેન્ડ,સાયપ્રસ જેવા દેશોમાં પડ્યું છે. જ્યારથી કાળા નાણાં અંગનો હોબાળો મચ્યો ત્યાર બાદ આ દેશોમાં પડેલું જંગી કાળુ નાણું અન્યત્ર રવાના થઇ ગયેલ છે.અમુક દેશો તો ભારતને તેમની બેકોમાં પડેલ કાળા નાણાં અંગેની માહીતી આપવા માટે રાજી નથી.ભારત સરકારે જો તેમની સાથે આ અંગેના કરારો કર્યા હોય તો તે શક્ય બને.

ભાજપ સરકારે જોરશોરથી કાળુ નાણું પાછુ લાવવા માટે દાવા કર્યા છે પરંતુ જ્યાં સુધી વિદેશી બેકો જે તે દેશોમાં આપણા ભારતીયોના કાળા નાણાંનો વહીવટ કરે છે તેમની સાથે કાયદા કાનુનથી જોડાશે નહી ત્યાં સુધી એ શક્ય બનશે નહી. તેવું નિષ્ણાંત લોકોનું માનવું છે.સુપ્રીમ કોર્ટ કોઇપણ આદેશ જારી કરે તો તે આપણા દેશમાં ચાલી શકે અન્યત્ર દેશોની સરકાર આવા આદેશોને માન્ય રાખતી નથી.આ અંગેના ખરડાઓ લોકસભામાં બહુમતીથી પસાર કરીને કાયદાઓ ઘડવા પડે.તો પણ આ કાયદાઓનું પાલન કરવા વિદેશની સરકારો બંધાયેલી નથી. ખુબજ જટીલ બાબત છે. બોલવું સહેલું છે. કરવું બહું અઘરુ છે.ચુંટણી સભાઓમાં જોરશોરથી આવી બાબતો જાહેર કરીને લોકોના મનમાં અઘરી વાતો ઠસાવી દેવી સહેલી છે.પરંતુ વાસ્તવિક રીતે તેને અમલમાં લાવવી ઘણી કઠીન છે.હાલના કાયદાઓ મુજબ આવકવેરાના અધિકારીઓ પણ વિદેશમાં સ્થિત ભારતીય કંપનીઓની ઉલટ તપાસ કરવાની સંપુર્ણ સત્તા નથી.

એ હકીકત છે કે દેશનું અબજો રુપીયાનું કાળુ નાણું વિદેશોમાં પગ કરી ગયું છે અને આપણા કાયદાઓ કશું ઉકાળી શક્યા નથી. અથવા તો જેમણે કાયદાનો અમલ કરવાનો છે તેમણે આંખ આડા કાન કર્યા છે.સીટની નિમણુંક કરવાથી કાળું નાણુ પાછુ આવી જશે તેમ માનવું ભુલભરેલું છે.દેશના ગરીબો ગરીબ છે પરંતુ જે અમીરો વધુ અમીર બન્યા છે તેમણે આ કાળા નાણાંની હેરફેર કરી છે.તેથી સરકારની યોજનાઓ તેમને કશું કરી શકે તેમ નથી.કદાચ થાય તો કાનખજુરાનો એકાદ પગ તુટે તેટલું કદાચ નુકશાન થવાનો સંભવ છે.બાકી બધુ યથાયોગ્ય રીતે રહેશે.


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા. પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ ૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# સર્જનહારના સર્જનનો નાશ આપણે કરીશું તો આપણો અવશ્ય નાશ થશે : પોપ ફ્રાન્સીસ




નામદાર પોપ ફ્રાંસીસે લોકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે આપણે સૃષ્ટીના સર્જનહાર દ્વારા સર્જન કરાયેલ તમામનું રક્ષણ કરીએ અને તેને સલામત રાખીએ.જો કે ઇશ્વર તમામને સદાયે માફ કરે છે.પરંતુ સર્જન ક્યારે માફ કરતું નથી.તેમણે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે જો આપણે કુદરતનો નાશ કરીશું તો આખરે તે આપણો નાશ કરશે.વેટીકન રેડીયો દ્વારા પોપ ફ્રાંસીસે કહેલ વાત જણાવી હતી.તેમણે એ પણ કહ્યું હતું કે આપણને ભેટમાં મળેલ જ્ઞાનનો સદઉપયોગ કરીએ.તેને ખોટા હાથોમાં પડવા દઇએ નહી.કારણકે કેટલાક એવું માને છે કે તેઓ આ કુદરતના માસ્ટર છે.કુદરતએ આપણી મિલ્કત નથી.તેથી આપણે તેની પર રાજ કરવાનો આપણી રીતે પ્રયત્ન ના કરીએ.હા, જો કે થોડાકને માટે તે મિલ્કત હશે.કુદરત એ આપણને મળેલી એક ભેટ છે.આ એક અદભુત ભેટ આપણને ઇશ્વર તરફથી મળી છે.તેથી આપણે તેની કદર કરવાની છે.અને તેનો ઉપયોગ આપણા અને સહુના ભલા માટે કરવાનો છે.અને તે ખુબજ માન પુર્વક અને યોગ્ય રીતે.

તેમના આ વ્યક્તવ્યમાં હાજર શ્રોતાગણોને તેમણે કહ્યું હતું કે બાયબલના પ્રથમ પુસ્તક ઉત્પતિમાં ઇશ્વરે આ સૃષ્ટિનું સર્જન કર્યું તે બાબત જણાવવામાં આવી છે.અને જણાવાયું છે કે તે સરસ હતું.જો ઇશ્વરની નજરમાં આ સારુ અને સુંદર બન્યું હોય,તો આપણે પણ એજ રીતે તેને સ્વીકારવી જોઇએ.કુદરતનું સર્જન સારુ અને સુંદર છે.જ્ઞાનની ભેટ દ્વારા આપણે ઇશ્વરનો આ સારી અને સુંદર બાબતો માટે આભાર માનીએ.સમગ્ર માનવજાતને ઇશ્વરે કુદરતના રખેવાળ તરીકે મુકી છે.પરંતુ તેના માસ્ટર તરીકે નહી.કુદરતનો કબજો એટલે ઇશ્વરની ભેટનો કબજો આપણને આપવામાં આવ્યો.તેથી તે માટે સદાયે આપણે ઇશ્વરનો આભાર જ માનવાનો હોય.જો કે હું કુદરતનો માસ્ટર હોઉ તો પણ મને આ ભેટનો નાશ કરવાનો અધીકાર મળી જતો નથી.અને સદાય એ આપણો અભિગમ રહેવો જોઇએ.

આપણને એ યાદ અપાવે છે તેમજ પવિત્ર આત્મા દ્વારા આ ઇશ્વરની ભેટ બાબતે એ આપણને જે જ્ઞાન આપવામાં આવ્યું છે તે એક સુંદર બાબત છે.જે ઇશ્વર તરફથી આપણને પુરી પાડવામાં આવી છે.તેમણે માનવ જાતને પણ ઉત્પન કરી છે.

તેમણે પર્યાવરણ બાબતે બોલતા કહ્યું હતું કે આ પ્રશ્ન બાબતે તેમણે ઘણી બધી વખત પોતાના વિચારો પ્રદર્શિત કર્યા છે.ગત જુન માસમાં વર્લ્ડ એન્વાયરમેન્ટ ડેના પ્રસંગે તેમણે આ બાબતની યાદ અપાવતા કહ્યું હતું કે ઇશ્વરે આપણને પૃથ્વી ભેટ સ્વરુપે આપી છે.તેથી તેની સંભાળ રાખવાની જવાબદારી પણ આપણા સહુની છે.તેથી આપણે બેજવાબદાર ના બની શકીએ.તેના તરફ બેધ્યાન કે બેદરકાર પણ ના બની શકીએ,જેથી તેની ખરાબી થાય.લોકો કેટલીક વખતે તેમના ખોટા અભિપ્રાયો કે મતમતાંતરોથી કોઇવાતની દરકાર કરતા નથી.આ મફત મળેલ ભેટ બાબતે આપણે વિચાર કરતા નથી.આપણે કુદરત તરફથી આપણું ધ્યાન હટાવી રહ્યા છીએ.

**વિનંતી**
**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા, કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.